ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વિદ્યાર્થીઓ દ્વારા માસ્કનું વિતરણ

**સિવિલ હોસ્પિટલમાં મહારોગ અંગે જાણકારી આપી લગભગ ૮ હજાર ફેસમાસ્કનું નિઃશુલ્ક વિતરણ કર્યું : હોસ્પિટલમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરી સફાઈ કાર્ય પણ કર્યું**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય જાણકારી આપી હતી અને તેનાથી બચવા માટે સાવચેતીના પગલા લેવા જાણકારી આપી હતી. અ અભિયાન અંતર્ગત તેમણે લગભગ ૮૦૦૦ જેટલા ફેસ માસ્કનું નિઃશુલ્ક વિતરણ પણ કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા ઉપસ્થિત રહ્યા હતાં. આ વિદ્યાર્થીઓએ આટલેથી ન અટકતાં સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું અને તમામ વોર્ડમાં સફાઈ કાર્ય કર્યું હતું.





પેટ્રોલિયમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આજે સિવિલ હોસ્પિટલ ખાતે 'સ્વાઈન ફલુ' મહારોગ અંગે જાગૃતિ ફેલાવવાનું અભિયાન હાથ ધર્યું હતું. આ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓએ સમગ્ર સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ૮૦૦૦ માસ્કનું વિતરણ કર્યું હતું. આ સાથે આ વિદ્યાર્થીઓએ હોસ્પિટલમાં સ્વચ્છતા અભિયાન પણ હાથ ધર્યું હતું.

પીડીપીયુના વિદ્યાર્થીઓએ આજે એક અનુકરણીય અભિયાન અંતર્ગત સિવિલ હોસ્પિટલના તમામ દર્દીઓ, દર્દીઓના સગા સંબંધીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓને સ્વાઈન ફલુ અંગે વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધરાયેલા આ પ્રશંસનીય કાર્યને જોઈ તમામ દર્દીઓ અને તેમના સગા સંબંધીઓ તેમજ હોસ્પિટલના કર્મચારી ગણ પણ ખૂબ પ્રભાવિત થયા હતાં. ધારાસભ્ય, અશોકભાઈ પટેલે આ વિદ્યાર્થીઓના યોગદાનને બિરદાવ્યું હતું.

# ભાજપ વિધાનસભા પક્ષની ૨૨મીએ બેઠક

ગાંધીનગર, તા.૧૯

ભાજપ વિધાયક દળની રવિવારના સાંજે મળનારી બેઠકમાં વિપક્ષની રણનીતીને ખાળવાની વળતી રણનીતી ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં અને પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્યોની મહત્વની બેઠક મળનાર છે. આ બેઠકમાં ૨૩મીથી શરૂ થતા વિધાનસભાના અંદાજપત્ર સત્ર માટે ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવશે.

ગુજરાતમાં સ્વાઈન ફલુના રોગચાળાને લઈને વિપક્ષ કોંગ્રેસ રાજય સરકારને ભીંસમાં લેવાની વ્યુહરચના ઘડી કોઈ વિપક્ષ કોંગ્રેસની વ્યુહરચના ને ખાળવા માટની વળતી વ્યુહરચના આ બેઠકમાં ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાના સત્ર દરમિયાન ધારાસભ્યોને પ્રશ્નોત્તરી દરમિયાન સરકાર મુશ્કેલીમાં ન મુકાઈ તે રીતે પેટા પ્રશ્નો પુછવા અને અંદાજપત્રની ચર્ચા માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવા અને વિપક્ષની રણનીતીને ખાળવા માટે પણ ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ધારાસભ્યોને પક્ષ દ્વારા આપવામાં આવતા વ્હીપને અનુસરવા પણ સુચના આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# ઋતુને ઉત્સવ સાથે જોડવા કલ્ચરલ ફોરમ શિશિરોત્સવની ઉજવણી કરશે

**પાનખરની મૌસમમાં સંગીતના સૂર રેલાશે : ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીએ ગુર્જરી મહોલાત અને શિશિર સિમ્ફની**

ગાંધીનગર, તા.૧૯

શિશિર બાદ આવતી વસંત ઋતુના ઓવારણા લેવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ઋતુને ઉત્સવ સાથે જોતરવાના પ્રયાસરૂપે તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીના રોજ શિશિરોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ અન્વયે તા. ૨૧મીએ 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે સાંજે ૭ કલાકે ગુજરાતી ગવન અને કવનનો કાર્યક્રમ 'ગુર્જરી મહોલાત' યોજાશે. જયારે ૨૨મીએ શિશિર સિમ્ફની કાર્યક્રમ યોજાશે. જેમાં વરિષ્ઠ કલાકાર કમલેશ આવસત્થી તેમજ રો સ્ટારમાં ફાઈનલ સુધી પહોંચેલા યુવા ગાયક દર્શન રાવલ પણ તેમનો સૂર રેલાવશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રતિવર્ષ ઉજવાતા ગ્રીષ્મોત્સવની સાથે હવે શિશિરોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મૌસમના મિજાજને યાદગાર બનાવવા અને પાનખરની મૌસમને સંગીતથી મઢવા સંસ્થા દ્વારા નવતર આયોજન કરવામાં આવ્યુ છે. કાર્યક્રમ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

સલામતીમાં ગાબડા - વાયબ્રન્ટ સમિટ પ્રસંગે સરગાસણ ચોકડીથી શાહપુર ચોકડીના રીંગરોડ પર માર્ગની બંને બાજુ જાળીનું ફેન્સીંગ કરવામાં આવ્યું હતું. રખડતા ઢોર અને નીલગાય જેવા પ્રાણીઓ માર્ગ પર ધસી ન આવે તે માટે માર્ગની બંને બાજુ આકર્ષક અને અસરકારક ફેન્સીંગ કરાવાઈ હતી. હજુ તો એક મહિનો માંડ પુરો થયો હશે ત્યાં વચ્ચેથી જાળી તોડીને રસ્તા માટે ગાબડા પડાયા છે... અવરજવર સરળતાથી થઈ શકે અને દૂર ફરીને ન આવવું પડે તે માટે ફેન્સીંગ પાસેના વસાહતીઓએ ઠેર-ઠેર બાકોરા પાડ્યા છે... નિયમો અને સુવિધાઓ સરકાર ગમે તેટલી આપે પરંતુ સામાજીક જાગૃતિ નહિ ઉભી થાય ત્યાં સુધી આ બધુ જ નિરર્થક છે...

# પ્રાર્થના દરમિયાન વિદ્યાર્થીઓને સ્વાઈન ફલુ અંગે જાણકારી અપાશે

**સ્વાઈન ફલુ અંગે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોમાં જાગૃતિ લાવવા સાહિત્યનું વિતરણ કરાશે**

ગાંધીનગર, તા.૧૯

સ્વાઈન ફલુના રોગચાળાએ કાળો કેર વર્તાવ્યો છે. દિન પ્રતિદીન સ્વાઈન ફલુના નવા કેસો અસ્તિત્વમાં આવતા લોકજાગૃતિના માધ્યમથી રોગચાળાને જાકારો આપવા સક્રીય પ્રયાસો શરુ કરી દેવાયા છે. આ મામલે વિદ્યાર્થીઓ પણ અવેર થાય અને તેમના માધ્યમથી તેમના પરિવારજનોમાં પણ જાગૃતિ લાવવા સાહિત્યનું વિતરણ કરવામાં આવશે. જયારે સ્કુલમાં પ્રાર્થના દરમિયાન પણ સ્વાઈન ફલુ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરાશે.

સ્વાઈન ફલુના રોગચાળાએ માથું ઉંચકતા ગાંધીનગર જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર

# લઘુત્તમ તાપમાન ઘટતા ફરી બેવડી ઋતુનો અનુભવ

**દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાતા રોગચાળો વકરવાનો ભય**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં પુનઃ લઘુત્તમ તાપમાન ઘટીને ૧૫ ડિગ્રીની નજીક પહોંચી જતાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વારંવાર આવી રહેલા વાતાવરણના બદલાવને કારણે રોગચાળો વધુ વકરવાનો ભય છે. હવે આકરી ગરમી શરૂ થઈ જાય તેવું સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી એકદમ ઘટી ગઈ હતી. ઉનાળો શરૂ થઈ ગયો હોય તેવી આકરી ગરમી છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહી છે. દિવસનું મહત્તમ તાપમાન અને રાતનું લઘુત્તમ તાપમાન વધી રહ્યું હતું. દિવસે અને રાત્રે પણ ફુલસ્પીડે પંખા ચલાવવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. ઉનાળાનું આગમન થઈ ગયો હોય તેવો અહેસાસ થતો હતો. લઘુત્તમ તાપમાન પણ ૧૮-૧૯ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું હતું. જો કે ગઈકાલ રાતથી ફરી વાતાવરણમાં પરિવર્તન જોવા મળ્યું છે. લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જ્યારે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. નોંધાયું છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થતાં બેવડી તુનો અનુભવ થઈ રહ્યો છે. હાલમાં સ્વાઈન ફલુ વકર્યો છે ત્યારે બેવડી ઋતુના કારણે રોગચાળો વધુ વકરવાનો ભય ફેલાયો છે. જેના કારણે સમગ્ર આરોગ્યતંત્ર ચિંતામાં મુકાઈ ગયું છે.

# હોસ્પિટલોમાં દર્દીની ખબર પુછવા ખોટી ભીડ ન કરવા અપીલ

**સગા-સંબંધીઓની ભીડથી દર્દીને આરામ મળતો નથી સારવારમાં પણ અવરોધ : ધારાસભ્ય અશોક પટેલની વિનંતી**

ગાંધીનગર, તા. ૧૯

નગરની સિવિલ હોસ્પિટલ સહીત અન્ય દવાખાનાઓમાં સારવાર હેઠળના દર્દીઓની ખબર-અંતર લેવા માટે સગાસંબંધીઓએ ભીડ ન કરવા ઉત્તરના ધારાસભ્યે નાગરિકોને અપીલ કરી છે. દર્દીઓની ખબર પુછવા બાળકો સાથે આવતા મુલાકાતીઓના લીધે તબીબી સારવારમાં અવરોધ ઉભો થાય છે. જ્યારે દર્દીને પણ આરામ મળતો નથી.

ગાંધીનગર જિલ્લાના ધારાસભ્ય અશોક પટેલે સિવિલ હોસ્પિટલ સહીત અન્ય દવાખાનાઓમાં સારવાર લેતા દર્દીઓની ખબર પુછવા સગાસંબંધીઓને ભીડ ન કરવા જણાવ્યું છે. તેમણે નાગરિકોને આ મામલે વિનંતી સહ જણાવ્યા મુજબ હાલ સિવિલ સહીતના દવાખાનાઓમાં દર્દીની ખબર કાઢવા માટે સગાસંબંધીઓ બાળકોને લઈને આવે છે. જ્યારે દવાખાનામાં ભીડ થતા દર્દીને આરામ મળતો નથી અને ડોક્ટરોને સારવાર કરવામાં પણ અવરોધ ઉભો થાય છે. દર્દીઓ ઝડપથી સાજા થાય તે માટે સાથે મળી દુઆ કરવા પણ તેમણે જણાવ્યું છે. સારવાર લેતા દર્દીઓને અને ડૉકટરોને અડચણ ન થાય તેનો ખ્યાલ રાખી હોસ્પિટલોમાં ખોટી ભીડ ન કરવા તેમણે નાગરિકોને અપીલ કરી છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com